# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર. ૧૫/૨૦૨૨-૨૩ થી જા.ક્ર. ૨૦/૨૦૨૨-૨૦૨૩ તારીખ-૨૫/૦૮/૨૦૨૨ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૦૯/૦૯/૨૦૨૨ (૧૩:૦૦ કલાક) સુધી Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ, ઉંમરમાં છુટછાટ, અરજી ફી ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક/ મુખ્ય કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક/મુખ્ય કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ | શૈક્ષણિક લાયકાત (ટૂંકમાં) | અનુભવ (ટૂંકમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ૨ | 3 | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા શૈ પ વર્ગ | અનુ જાતિ | અનુ જનજાતિ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા શૈ પ વર્ગ | અનુ જાતિ | અનુ જનજાતિ | | | | | | | |
| ૧૫ | મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨, મા.મ. વિ. | ૭૭ | ૪૬ | ૦૯ | ૧૮ | ૦૪ | ૦૦ | ૧૫ | 03 | ૦૬ | ૦૧ | ૦૦ | ૦૪ | ૦૦ | ૨૯-૦૧-૨૦૨૩ | માર્ચ-૨૩ | જુલાઈ-૨૩ | BE/B TECH (CIVIL) | - |
| ૧૬ | કાયદા અધિકારી, વર્ગ-૨ શ્રમ,કૌ વિકાસ અને રોજગાર વિ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૨-૦૧-૨૦૨૩ | માર્ચ-૨૩ | જૂન-૨૩ | LLB/LLB Integrated | 03 વર્ષ |
| ૧૭ | પ્રવર વૈજ્ઞાનિક અધિકારી (ઔષધ), વર્ગ-૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૯-૦૧-૨૦૨૩ | માર્ચ-૨૩ | જૂન-૨૩ | PGD/Degree | ૦૫ વર્ષ |
| ૧૮ | ક્યુરેટર, વર્ગ-૨ | ૦૫ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૨-૦૧-૨૦૨૩ | માર્ચ-૨૩ | જૂન-૨૩ | PG Degree/Dip | 03 વર્ષ |
| ૧૯ | ગુજરાત ઇજનેરી સેવા (સિવિલ),વર્ગ-૧ અને વર્ગ-૨, માર્ગ અને મકાન વિભાગ (મા.મ.વિ.) અને નર્મદા જળ સંપત્તિ/પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (ન.જ.પા.પુ. અને ક. વિ) | | | | | | | | | | | | | | | | | | |
| વર્ગ-૧ | કાર્યપાલક ઈજનેર (સિવિલ), માર્ગ અને મકાન વિ. | ૦૫ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૨૨-૦૧-૨૦૨૩ | ફેબ્રુઆરી-૨૩ | જુલાઈ-૨૩ | BE/B TECH (CIVIL) | -- |
| | કાર્યપાલક ઈજનેર (સિવિલ), ન.જ.પા.પુ.ક. વિભાગ | ૧૯ | ૦૯ | ૦૧ | ૦૫ | ૦૧ | 03 | 03 | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | | | | | |
| વર્ગ-૨ | નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), મા.મ. વિ. | ૧૩ | ૦૬ | 03 | ૦૦ | ૦૧ | 03 | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૨૩, 30 એપ્રિલ, અને ૦૭ મે-૨૩ | જૂન-૨૩ | | | |
| | નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), ન.જ.પા.પુ ક.વિ | ૨૧ | ૦૭ | ૦૪ | ૦૫ | ૦૨ | 03 | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | 03 | ૦૦ | | | | | |
| ૨૦ | ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા, વર્ગ-૨ | | | | | | | | | | | | | | | | | | |
| વર્ગ-૧ | સહાયક રાજ્ય વેરા કમિશનર | ૨૮ | ૧૪ | ૦૨ | ૦૭ | ૦૧ | ૦૪ | ૦૫ | ૦૧ | 03 | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૧ | પ્રાથમિક કસોટી ૦૮-૦૧-૨૦૨૩ | ફેબ્રુઆરી-૨૩ | ઓગષ્ટ-૨૩ | સ્નાતક | -- |
| | મદદનીશ કમિશનર (આદિજાતિ વિકાસ) | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | | | | | |
| વર્ગ-૨ | સમાજ કલ્યાણ અધિકારી (વિ. જા.) | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | | | | | |
| | જિલ્લા નિરીક્ષક જમીન દફતર | ૦૬ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | મુખ્ય લેખિત પરીક્ષા ૦૨, ૦૯, ૧૬ એપ્રિલ-૨૩ | જુલાઈ-૨૩ | | | |
| | મદદનીશ નિયામક, અન્ન ના.પુ.અને ગ્રાહક બા. વિ. | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | | | | | |
| | ચીફ ઓફિસર (નગરપાલિકા મુખ્ય અધિકારી) | ૧૨ | ૦૯ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | | | | | |
| | રાજ્ય વેરા અધિકારી | ૫૦ | ૨૨ | ૦૫ | ૧૩ | 03 | ૦૭ | ૦૭ | ૦૨ | ૦૪ | ૦૧ | 03 | ૦૨ | 03 | | | | | |

**નોંધ-અત્રે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ઉમેદવારની સામાન્ય સમજણ માટે છે. ચોક્કસ પ્રકારની શૈક્ષણિક લાયકાત અને અનુભવ માટે જાહેરાતની જોગવાઈ, જગ્યાનાં ભરતી નિયમો અને ભરતી (પરીક્ષા) નિયમો ધ્યાને લેવાનાં રહેશે.**

➤**ઉમેદવારો દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના આખરી (છેલ્લા) સમય સુધી "Editable" છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત-માહિતી ભરવામાં કોઇ ભૂલ થાય તો "Edit" વિકલ્પમાં જઇ વિગત સુધારી લેવી. નવી અરજી ન કરવી. અરજી કરતી વખતે અને ત્યારબાદ ઉમેદવારે પોતાની સહી, ફોટો અને અન્ય વિગતો ચકાસી તેની ખરાઈ કરવી, જો ભૂલ હોય તો સુધારો કરી લેવા જણાવવામાં આવે છે. જાહેરાત ઓનલાઇન અરજી કરવાનો સમયપૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં.**

➤ આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી સદરહુ જાહેરાતોમાં જગ્યાઓની સંખ્યામાં વિભાગની દરખાસ્તને આધીન ફેરફાર કરવાનો આયોગનો અબાધિત અધિકાર રહેશે.

➤ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈ પ્રાથમિક કસોટી OMR - CBRT (Computer Based Recruitment Test) માધ્યમથી લેવામાં આવશે.

➤શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરે આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પ્રસિદ્ધ કરવામાં આવેલ વિગતવાર જાહેરાત પ્રમાણે રહેશે.

➤**ઉક્ત જાહેરાતો પૈકી જાહેરાત ક્રમાંક: ૧૫ થી ૧૮/૨૦૨૨-૨૩માં** પ્રાથમિક કસોટીમાં 300 ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેના ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ 300 અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. **(સદરહુ જાહેરાતોમાં પ્રાથમિક કસોટીમાં ૧૫% થી ઓછા ગુણ મેળવશે તેવા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.)**

➤**જાહેરાત ક્રમાંક ૧૯ અને ૨૦/૨૦૨૨-૨૩** અન્વયે પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમોમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા કુલ જગ્યાઓના આશરે ૧૫ (પંદર) ગણા ઉમેદવારોને કામચલાઉ ધોરણે મુખ્ય લેખિત પરિક્ષામાં પ્રવેશ આપવામાં આવશે અને ત્યારબાદ આયોગે નક્કી કરેલા લાયકી ધોરણમાં આવતા કુલ જગ્યાઓના 03 (ત્રણ) ગણા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે.

➤**જાહેરાત ક્રમાંક ૨૦/૨૦૨૨-૨૩, ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા, વર્ગ-૨ અંતર્ગત અન્ય સંવર્ગોની જગ્યાઓ ઉમેરાઈ શકે છે.**

➤દિવ્યાંગ ઉમેદવારોની જગ્યામાં સરકારની અદ્યતન સૂચનાઓ મુજબ સુધારો થવાની સંભાવના રહે છે.

➤બધીજ જાહેરાતો માટે પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.

➤(૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાનીરહેશે. (૨)કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચુક બાબતે સુધારો કરવાની જરૂરીયાત જણાય તો https:--gpsc-ojas.gujarat.gov.in ના "Online Application" મેનુમાં "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતમાં ઓનલાઇન અરજી કરવાના આખરી (છેલ્લા) દિવસ અને સમય સુધીમાં કોઇ પણ વિગત સુધારી શકાશે. **જાહેરાતના ઓનલાઇન અરજી કરવાનો સમયપૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં.** (3) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

➤ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક-પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-'A' (ENGLISH) માન્ય ગણાશે નહીં.

➤ ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે **Online અરજી કરવા માટે તારીખ-૦૯-૦૯-૨૦૨૨ના ૧૩:૦૦ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે** માટે આખરી દિવસો સુધી રાહમાં નહિં રહેતા **Online** અરજીપત્રકમાં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી **Confirm** કરવા જણાવવામાં આવે છે. તે ઉપરાંત ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક **(Application Form)** ની નકલ અવશ્ય ડાઉનલોડ કરી લેવી. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં **Online** અરજીપત્રક ભરી **Confirmation Number** મેળવી લેવો ફરજીયાત છે. જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

**તારીખ-૧૨-૦૮-૨૦૨૨**

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC (Official)